# JESUS 316

# ઈસુ કોણ છે?

**ઈસુ કોણ છે?** બાઈબલ જ આપણને આ પ્રશ્નનો સાચો જવાબ આપે છે. પ્રેરિત પાઉલે લખ્યું, *"દરેક શાસ્ત્ર ઈશ્વરપ્રેરિત છે,"* ૨ તિમોથી ૩:૧૬. ઉત્પત્તિથી પ્રકટીકરણ સુધી, ઈશ્વરપ્રેરિત બાઈબલ શીખવે છે કે ઈસુ અનાદિકાળથી અનંતકાળ સુધી ઈશ્વર છે. બાઇબલ જણાવે છે કે ઈસુ જ *"પ્રભુ પરમેશ્વર જે છે, જે હતા ને જે આવનાર છે, જે સર્વશક્તિમાન છે, તે કહે છે કે, હું આલ્ફા તથા ઓમેગા છું,"* પ્રકટીકરણ ૧:૮. બાઈબલ ઈસુની ઓળખ ઈશ્વર, સર્જનહાર, મહાન ઘેટાંપાળક, પ્રભુ, ઉદ્ધારક, ઈશ્વરના હલવાન, પ્રભુઓના પ્રભુ, રાજાઓના રાજા, ઈમ્માનુએલ (ઈશ્વર આપણી સાથે), તારણહાર, પ્રમુખ યાજક તેમજ પુનરુત્થાન અને જીવન તરીકે આપે છે.

**ઈસુ સર્જનહાર હતા.** *"આરંભે શબ્દ હતો, અને શબ્દ ઈશ્વરની સંઘાતે હતો. અને શબ્દ ઈશ્વર હતો. તેનાથી સર્વ ઉત્પન્ન થયું, એટલે જે કંઈ થયું છે તે તેના વિના ઉત્પન્ન થયું નહિ. શબ્દ સદેહ થઈને આપણામાં વસ્યો (અને પિતાના એકાકીજનિત દીકરાના મહિમા જેવો તેનો મહિમા અમે જોયો."* યોહાન ૧:૧-૧૪ ના અંશો. *"કેમ કે તેમનાથી બધાં ઉત્પન્ન થયાં, જે આકાશમાં છે તથા જે પૃથ્વી પર છે, જે દશ્ય તથા અદશ્ય છે, રાજ્યાસનો કે રાજ્યો કે અધિપતિઓ કે અધિકારીઓ સર્વ તેમની મારફતે તથા તેમને માટે ઉત્પન્ન થયાં. તે સર્વની પૂર્વેથી હયાત છે, અને તેમનાથી સર્વ વ્યવસ્થિત થઈને રહે છે. તેમના દ્વારા બધી વસ્તુઓનું સર્જન થયું, સ્વર્ગમાં અને પૃથ્વી પર, દૃશ્યમાન અને અદ્રશ્ય, પછી ભલે તે સિંહાસન હોય, કે આધિપત્ય હોય, કે શાસકો હોય, કે સત્તાવાળાઓ હોય - બધી વસ્તુઓ તેમના દ્વારા અને તેમના માટે ઉત્પન્ન થઈ છે,"* કલોસી ૧:૧૬-૧૭ ના અંશો.

**ઈસુએ જ કહ્યું કે "હું છું."** પ્રભુના દૂત સ્વરૂપે ઈસુએ જ નિર્ગમનના ૩જા અધ્યાયમાં (લગભગ ૧૪૫૦ ઈ.પૂ) સળગતા ઝાડવામાંથી મુસાને હાંક મારી અને પોતાની ઓળખ મહાન *"હું છું"* તરીકે આપી. યોહાન ૮માં પણ ઈસુએ પોતાને મહાન "હું છું" તરીકે જાહેર કર્યા જે ઈબ્રાહિમ (લગભગ ૨૧૦૦ ઈ.પૂ.) થી પણ પહેલાં અને યહૂદી લોકો અસ્તિત્વમાં આવ્યા તે પહેલાથી હયાત હતા. યહૂદીઓએ તેને ઈશ્વર હોવાના તેમના દાવા તરીકે જોયું. *"ઈસુએ કહ્યું, 'હું તથા પિતા એક છીએ.' [ત્યારે] યહૂદીઓએ તેમને મારવાને ફરીથી પથ્થર હાથમાં લીધા,"* યોહાન ૧૦:૩૦-૩૧.

**ઈસુ જૂના કરારમાં પણ હયાત હતા.** ઈશ્વરને કોઈ માણસે કદી જોયા નથી, યોહાન ૧:૧૮, ૬:૪૬. જો કે, બેથલેહેમમાં તેમનો જન્મ થયો તે પહેલાં, જૂના કરારના સમયમાં ઘણા લોકોને ઈશ્વરના પૂર્વાવતાર તરીકે ઈસુએ દર્શન દીધાં. ઉત્પત્તિ ૧૬ અને ૨૧ માં હાગારને, નિર્ગમન ૩માં મૂસાને, ન્યાયાધીશો ૬ માં ગિદિયોનને અને ન્યાયાધીશો ૧૩ માં સામસૂનના માતાપિતાને ઈશ્વરના દૂત તરીકે ઈસુના દર્શન થયાં. ઉત્પત્તિ ૧૮ અને ૨૨ માં ઈબ્રાહિમને અને ઉત્પત્તિ ૩૧ અને ૩૨ માં યાકૂબને પણ ઈસુના દર્શન થયાં. અને યશાયા ૪૮:૧૨-૧૯ (લગભગ ૭૦૦ ઈ.પૂ. લખાયેલ પુસ્તક) માં ત્રિએક ઈશ્વર તરીકે ઈસુનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

**જેના વિશે ભવિષ્યવાણીઓ કરવામાં આવી હતી તે ઈસુ જ હતા.** સેંકડો વર્ષો પહેલા ૩૦૦ થી વધુ જૂના કરારની ભવિષ્યવાણીઓ, ઈસુના જન્મ, જીવન અને મૃત્યુનું વર્ણન કરે છે. ગીતશાસ્ત્ર ૨૨ માંની કેટલીક ભવિષ્યવાણીઓ તેમના કૃસારોહણનું ભયાનક વર્ણન કરે છે (જે લગભગ ૧૦૦૦ ઈ.પૂ. માં લખાયેલી જ્યારે પથ્થરે મારીને મૃત્યુદંડ આપવાની રીત પ્રચલિત હતી). ગીતશાસ્ત્ર ૨૨ ની ભવિષ્યવાણીઓની પરિપૂર્ણતા માથ્થી ૨૭ માં નોંધવામાં આવેલી છે.

**ઈસુ એક ઈશ્વર-મનુષ્ય બન્યા.** પ્રબોધક યશાયાએ ભવિષ્યવાણી કરી હતી કે, *"કેમ કે આપણે માટે છોકરો જન્મ્યો છે, આપણને પુત્ર આપવામાં આવ્યો છે,"* યશાયા ૯:૬. યશાયાએ તે બાળકને પરાક્રમી ઈશ્વર તરીકે ઓળખાવ્યો. સનાતન પુત્ર બેથલેહેમમાં જન્મેલા બાળક તરીકે આપવામાં આવ્યો હતો. ઈસુ તેમના જન્મ પહેલાં - અનંતકાળથી અસ્તિત્વ ધરાવતા હતા. "ઈશ્વરપુત્ર" શીર્ષક ઈસુના જન્મ કરતાં વિશેષ તેમના સ્થાન એટલે કે હોદ્દાનું વર્ણન કરે છે. તેનો અર્થ એ નથી કે તે બેથલેહેમમાં જન્મ સમયે જ અસ્તિત્વમાં આવ્યા. પ્રેરિત પાઉલે લખ્યું, *"ખ્રિસ્ત ઈસુનું મન જેવું હતું, તેવું તમે પણ રાખો: પોતે ઈશ્વરના રૂપમાં છતાં, તેમણે ઈશ્વર સમાન હોવાનું પકડી રાખવાને ઇચ્છયું નહિ. પણ તેમણે દાસનું રૂપ ધારણ કરીને, એટલે માણસોના રૂપમાં આવીને પોતાને ખાલી કર્યા. અને માણસના આકારમાં પ્રગટ થઈને, મરણને, હા વધસ્તંભના મરણને આધીન થઈને પોતાને નમ્ર કર્યા,"* ફિલિપીઓને પત્ર ૨:૫-૮. ઈસુ ઈશ્વર હોવા છતાં સંપૂર્ણ મનુષ્ય બન્યા. ઈસુ જે શાશ્વત હતા અને પહેલેથી અસ્તિત્વ ધરાવતા હતા, સ્વર્ગમાંથી નીચે ઉતરી આવીને એક માનવી બન્યા, યોહાન ૩:૧૩, ૩૧, યોહાન ૬:૩૩-૩૮. ઈસુ સંપૂર્ણ ઈશ્વર હોવાની સાથે સંપૂર્ણ મનુષ્ય પણ હતા.

**ઈસુએ ઘણાં ચમત્કારો કર્યા.** તેમના મોટાભાગના ચમત્કારો નવા કરારમાં જોવા મળે છે. આમાંના ત્રણ ચમત્કારો અદ્ભુત રીતે તેમના દાવાઓને સિદ્ધ કરે છે. તેમણે ચમત્કારિક રીતે ૫૦૦૦ લોકોને જમાડ્યા અને પછી કહ્યું, *"જીવનની રોટલી હું છું,"* યોહાન ૬:૩૫. તેમણે એક આંધળા માણસને સાજો કર્યો, પછી કહ્યું, *"જ્યારે હું જગતમાં છું ત્યારે હું જગતનો પ્રકાશ છું,"* યોહાન ૯:૧-૮. વળી તેમણે કહ્યું, *"પુનરુત્થાન તથા જીવન હું છું. જે મારા પર વિશ્વાસ કરે છે તે જો કે મરી જાય તોપણ જીવતો થશે,"* યોહાન ૧૧:૨૫. પછી ઈસુ તેમના મિત્ર લાજરસની કબર પાસે ગયા, જે ચાર દિવસથી મૃત્યુ પામ્યો હતો અને તેને પાછો સજીવન કર્યો. ઈસુએ રોગીઓ, અપંગ, બહેરા, મૂંગા, કોઢિયા અને અશુદ્ધ આત્માથી ત્રસ્ત લોકોને સાજા કર્યા. તેમણે પાણીનો દ્રાક્ષારસ કરી દીધો, પાણી પર ચાલ્યા અને સમુદ્રને શાંત કર્યો. માથ્થી ૯:૨-૭ એવા માણસો વિશે જણાવે છે જેઓ એક લકવાગ્રસ્ત માણસને ઈસુ પાસે લાવ્યા.

ઈસુએ તે માણસને કહ્યું, *“દીકરા, હિમ્મત રાખ, તારાં પાપ તને માફ થયાં છે.”* ત્યારે જુઓ, શાસ્ત્રીઓમાંના કેટલાએકે પોતાના મનમાં કહ્યું, ‘એ દુર્ભાષણ કરે છે.’ ત્યારે ઈસુએ તેઓના વિચાર જાણીને કહ્યું, *“તમે તમારા મનમાં શા માટે ભૂંડા વિચાર કરો છો? કેમ કે એ બેમાંનું વધારે સહેલું કયું છે, એમ કહેવું કે ‘તારાં પાપ તને માફ થયાં છે.’ અથવા એમ કહેવું કે ‘ઊઠીને ચાલ્યો જા?’ પણ માણસના દીકરાને પૃથ્વી પર પાપોની માફી આપવાનો અધિકાર છે, એ તમે જાણો માટે (ત્યારે તે પક્ષઘાતીને કહે છે કે) ‘ઊઠ, તારો ખાટલો ઊંચકીને તારે ઘેર ચાલ્યો જા.’ અને તે ઊઠીને પોતાને ઘેર ગયો.”*

**ઈસુએ સાબિતી આપી કે તે પોતે જ ઈશ્વર છે.** ઈસુએ પોતાના જન્મ, જીવન અને મૃત્યુ વિશે જૂના કરારની ભવિષ્યવાણીઓ પરિપૂર્ણ કરી. તેમણે ઘણા ચમત્કારો કરીને બતાવ્યું કે તે પોતે ઈશ્વર છે. તેમણે અધિકારથી શીખવ્યું. *“અને ઈસુ એ વાતો કહી રહ્યા, ત્યારે એમ થયું કે, લોકો તેમના ઉપદેશથી અચરત થયા. કેમ કે શાસ્ત્રીઓની જેમ નહિ, પણ જેને અધિકાર હોય છે, તેની જેમ તે તેઓને ઉપદેશ કરતા હતા,”* માથ્થી ૭:૨૮-૨૯. અને ઈસુ પાપરહિત ઈશ્વર-મનુષ્ય બનીને જીવન જીવ્યા, હિબ્રૂ ૪:૧૫, ૧ પિતર ૨:૨૨, ૧ યોહાન ૩:૫. ઈસુ, પાપરહિત ઈશ્વર-મનુષ્ય તરીકે, આપણા પાપો માટે વધસ્તંભ પર બલિદાન આપનાર ઈશ્વરના સંપૂર્ણ હલવાન બન્યા. *“લાકડા પર તેમણે પોતે પોતાના શરીરમાં આપણાં પાપ માથે લીધાં, જેથી આપણે પાપો સંબંધી મૃત્યુ પામીને ન્યાયીપણા સંબંધી જીવીએ; તેમના ઘાથી તમે સાજા થયા,”* ૧ પિતર ૨:૨૪.

**ઈસુને વધસ્તંભે જડવામાં આવ્યા અને ત્યારબાદ મૃત્યુમાંથી સજીવન થયા.** *“વિનાશી વસ્તુઓ વડે, એટલે રૂપા અથવા સોના વડે નહિ, પણ ખ્રિસ્ત જે, નિષ્કલંક તથા નિર્દોષ હલવાન જેવા છે, તેમના મૂલ્યવાન રક્તથી, તમારો ઉદ્ધાર કરવામાં આવ્યો છે,”* ૧ પિતર ૧:૧૮-૧૯. *“વળી તેમને તેઓએ વધસ્તંભે જડીને મારી નાખ્યા. તેમને ઈશ્વરે ત્રીજે દિવસે ઉઠાડ્યા, અને સર્વ લોકોની આગળ તેમને વિષે સર્વ પ્રબોધકો સાક્ષી આપે છે કે જે કોઈ તેમના પર વિશ્વાસ કરે છે તે તેમના નામથી પાપની માફી પામશે,”* પ્રેરિતોનાં કૃત્યો ૧૦:૩૯-૪૦, ૪૩. *“કેમ કે જે મને પણ પ્રાપ્ત થયું તે મેં પ્રથમ તમને કહી સંભળાવ્યું કે, ધર્મશાસ્ત્ર પ્રમાણે ખ્રિસ્ત આપણાં પાપને માટે મરણ પામ્યા; અને ધર્મશાસ્ત્ર પ્રમાણે તેમને દાટવામાં આવ્યા, અને ત્રીજે દિવસે તેમનું ઉત્થાન થયું,”* ૧ કોરીંથી ૧૫:૩-૪. ઈસુ કબરમાંથી સજીવન થઈ ઉઠયા અને સ્વર્ગમાં પાછા ફરતા પહેલા ઘણા સાક્ષીઓ દ્વારા તેમને જોવામાં આવ્યા.

**ઈસુ જ ઈશ્વર પાસે પહોંચવાનો એકમાત્ર રસ્તો છે.** ઈસુએ કહ્યું, *“માર્ગ તથા સત્ય તથા જીવન હું છું. મારા આશ્રય વિના પિતાની પાસે કોઈ આવતું નથી,”* યોહાન ૧૪:૬. પ્રેરિત પિતરે કહ્યું, *“બીજા કોઈથી તારણ નથી, કેમ કે જેથી આપણું તારણ થાય એવું બીજું કોઈ નામ આકાશ નીચે માણસોમાં આપેલું નથી,”* પ્રેરિતોનાં કૃત્યો ૪:૧૨. પ્રેરિત પાઉલે લખ્યું, *“કેમ કે ઈશ્વર એક જ છે, અને ઈશ્વર તથા માણસોની વચ્ચે એક જ મધ્યસ્થ પણ છે, એટલે ખ્રિસ્ત ઈસુ પોતે માણસ, જેમણે સર્વ માણસોના ઉદ્ધારને માટે પોતાનું સ્વાર્પણ કર્યું,”* ૧ તિમોથી ૨:૫-૬. ઈશ્વર પાસે લઈ જતો ઈસુનો માર્ગ બીજા બધા ધર્મોથી અલગ છે. અન્ય ધર્મો આપણા પાપની સમસ્યાનો કોઈ ઉકેલ આપતા નથી. એ એવું શીખવે છે કે જો તમે સારા અને ખરાબની તેમની વિવિધ વ્યાખ્યાઓ અનુસાર વર્તી સારું કરો છો, તો તેમના દેવો તમારા પાપને અવગણી શકે છે અને તમને સ્વર્ગમાં જવા દે છે. ઈસુનો માર્ગ એ છે કે તેમનામાં વિશ્વાસ કરવા દ્વારા તમારા પાપોની સજા વધસ્તંભ પર ઈસુ દ્વારા ચૂકવવામાં આવે છે જેથી તમને માફ કરવામાં આવે છે. જેથી પાપોની ક્ષમા પામીને તમે ઈસુ સાથે સ્વર્ગમાં જઈ શકો છો. *“કેમ કે ઈશ્વરે જગત પર એટલો પ્રેમ કર્યો કે તેમણે પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો, એ માટે કે જે કોઈ તેમના પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય, પણ તે અનંતજીવન પામે,”* યોહાન ૩:૧૬.

**ઈસુ પાછા આવશે. ઈસુએ કહ્યું,** *“તમારાં હૃદયોને વ્યાકુળ થવા ન દો. તમે ઈશ્વર પર વિશ્વાસ રાખો છો, મારા પર પણ વિશ્વાસ રાખો. મારા પિતાના ઘરમાં રહેવાનાં ખંડ ઘણા છે, નહિ તો હું તમને કહેત; કેમ કે હું તમારે માટે જગા તૈયાર કરવાને જાઉં છું. અને હું જઈને તમારે માટે જગા તૈયાર કરીશ, અને પાછો આવીને તમને મારી પાસે લઈ જઈશ. જેથી જ્યાં હું છું ત્યાં તમે પણ [રહો],”* યોહાન ૧૪:૨-૩. અને બાઇબલના અંતિમ શબ્દોમાં, ઈસુએ કહ્યું, *“હા; હું થોડી વારમાં આવું છું.”* પ્રેરિત યોહાને ઉમેર્યું, *“આમીન. હે પ્રભુ ઈસુ, આવો,”* પ્રકટીકરણ ૨૨:૨૦-૨૧. જો ઈસુ આજે પાછા ફરે, તો શું તમે તેમને મળવા માટે તૈયાર હશો? ઈસુ પર વિશ્વાસ કરવા દ્વારા અને ઈશ્વર તરફથી માફી મેળવીને તમે તૈયાર છો તેની ખાતરી કરવા માટે www.Gospel316.org ની મુલાકાત લો.

**ઈસુ અનાદિકાળથી અનંતકાળ સુધી ઈશ્વર છે.**

**તેમના નામનો ઉલ્લેખ સાંભળીને વિસ્મય પામી આશ્ચર્યચકિત થઈ જાઓ!**

*ઈસુ કોણ છે?*© ૨૦૨૫ જોન ડી. મોરિસ III દ્વારા, એક્ટ્સ વન એઈટ દ્વારા પ્રકાશિત. તમે આ સંપૂર્ણ સામગ્રીને ફેરફાર કર્યા વિના, મુક્તપણે છાપી, નકલ કરી, પોસ્ટ કે ઈ-મેઇલ દ્વારા અથવા સંદેશ તરીકે મોકલી શકો છો. તમે તમારી મીનીસ્ટ્રી અથવા મંડળીનું નામ અથવા લોગો પાના એકની ટોચ પર ઉમેરી શકો છો અને પાના નંબર બે ના તળિયે નક્કર રેખા ઉપર તમારી સંપર્ક માહિતી ઉમેરી શકો છો. Jesus316 ફક્ત બાઇબલ પર આધારિત છે. તે લોકોને ઈસુ ખ્રિસ્તને જાણી તેમની પર વિશ્વાસ કરવા અને પછી તેમના શિષ્યો બનવા માટે મદદ કરવા માટે અસ્તિત્વ ધરાવે છે. તમે એક્ટ્સ વન એઈટ (જો શક્ય હોય તો અંગ્રેજીમાં) ને Hello@Mail316.org પર ઇ-મેઇલ કરી શકો છો. બિન-અંગ્રેજી સંસ્કરણો માટે અનુવાદ સેવાઓ www.ChristianLingua.com દ્વારા પૂરી પાડવામાં આવી હતી. *ઈસુ કોણ છે?* તેની સામગ્રી www.Jesus316.org પર ૪૮ ભાષાઓમાં મફતમાં ઉપલબ્ધ છે. અંગ્રેજી સંસ્કરણમાં બાઇબલના અવતરણો ધ લોકમેન ફાઉન્ડેશનના ન્યૂ અમેરિકન સ્ટાન્ડર્ડ બાઇબલ ૧૯૯૫ માંથી છે. આ અનુવાદમાં બાઇબલના અવતરણો GUJOVBSI માંથી છે.